રઘુનાથદાસ કૃત.

વાલાજીના મહીના.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. મંગળદાસ લલ્લુભાઇ નારણદાસ બુકસેલર ઠે૦

હીરાચોક—સુરત.

—(०)—

સુરત—અરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "અનાવિલ"

પ્રિન્ટીંગ પ્રેસમાં ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયકે છાપ્યું.

આવૃત્તિ ૧ લી. સને ૧૯૨૩ પ્રત ૩૦૦૦

કીંમત ૦-૨-૦

વાલાજીના મહીના.

અથ શ્રી વાલાજીના મહીના લખ્યા છે.

કારતક મહીને મહેલી ચાલ્યા કંથરે વાલાજી,
પ્રીતલડી તોડીને આણ્યો અંત મારા વાલાજી;
પીયુજી મારા શું ચાલ્યા પરદેશ વાલાજી,
મંદીરીઆમાં મેલ્યા બાળેવેશ મારા વાલાજી;
ભર દરીયામાં મુજને મહેલી વહેતીરે વાલાજી,
આવડલી ઘાતો હું નવ લેતી મારા વાલાજી;
મેં જાણ્યું જે ઉજળું એટલું દુધરે વાલાજી,
જાવાને દીવસડે માંડયા જુધ મારા વાલાજી;
સાગરીઆ તમે શીદ થયા છો ખારારે વાલાજી,
દો આગળ જઈ કરીએ કષ્ટ વિસારો મારા વાલાજી;

તમે અમારા દુખડાના છો જાણુરે વાલાજી;
પ્રીતલડી ઉપર બંધાણા પ્રાણ મારા વાલાજી,
થોડેને દિવસડે અમને મળજોરે વાલાજી.
શામળીના સ્વામીજી વહેલા વળજો મારા વાલાજી.
માગશર મહીને મંદીર ખાવા ધાયરે વાલાજી
એકલડી દાસીના દીન કેમ જાય મારા વાલાજી
શરીર મારૂ સરપતણો છે ભારોરે વાલાજી
ઉગરવાનો એકે નથી આરો મારા વાલાજી
જાય મારૂ જોમનીયું ભરપુરરે વાલાજી
આવે દીવસે કંથ ગયા કેમ દુર મારા વાલાજી
નાગરવેલતો નીર વીના સુકાયરે વાલાજી
મુળમાંથી ઉપજી વહેતી લાય મારા વાલાજી
વાલા તમારી વાડીઓ વણશી જાયરે વાલાજી
રોપ્યા વિનાનો પોપટ પંખી ખાય મારા વાલાજી
પાણી વિનાના નીરખનીયાં સુકાયરે વાલાજી

ગોકુળમાં કેની ઓથે રહેવાય મારા વાલાજી
પીયુજી મારા પુરણ કીરપા કરજોરે વાલાજી
શોભણના સ્વામીજી વહેલા વળજો. મારા વાલાજી
પોષ નહીને પડીયા અમને સોશરે વાલાજી
તેડાવો જોશીડા જુએ જોષ મારા વાલાજી
શા કારણથી નાવ્યા સુંદર સ્યામરે વ.લાજી.
તરછોડીને ચાલ્યા ગોકુળ ગામ મારા વાલાજી
બેઉ બાંધવના લખજો કુશળ ક્ષેમરે વાલાજી
વધામણી વાંચતાં આવે પ્રેમ મારા વ.લાજી
હૈયાથી નથી ખોલાતા ખટકારે વાલાજી
કાગળીઓ લખી મોકલજો કટકો મારા વાલાજી
શાહી ચીનાનો હડતાળો હેવાઇરે વાલાજી
સુધરજી તમે કેમ ભુલ્યા ચતુરાઇ મારા વાલાજી
ચતુર હોય તેને ચારે દેશે કુપરે વાલાજી
શામળીઆ સાંભળજો મારી ગુજ મારા વાલાજી

ઘડી ગણુતામાં માસ વીત્યા ત્રણુરે વાલાજી
શોભણુના સ્વામીજી રાખો શરણુ મારા વાલાજી
માહ મહીનાની સેજલડી છે સુનીરે વાલાજી
ગાતરની ઘાટડીઓ બીડુ કેની મારા વાલાજી
બાથલડીતો કેની કંઠે નાંખુરે વાલાજી
હૈયાના હીંડોળા મનમાં રાખુ મારા વાલાજી
વાવલીઆ તે ઠંડા શીતળ વાયરે વાલાજી
હીમાળો હાલ્યો તે કેમ સ્હેવાય મારા વાલાજી
અમ ઉપરતો દુખનો ડુંગર વાળ્યોરે વાલાજી
શા માટે શીયાળો ઘેર ના ગાળ્યો મારા વાલાજી
દેહ તણુતો દુખડાં કોને કહીએરે વાલાજી
આંસુડાં ઢાળીને થાકી રહીએ મારા વાલાજી
તેજ અમારી આંખતણું તો ઉડ્યાંરે વાલાજી
હસવાને રમવા તો સરવે ભુલ્યા માસ વાલાજી
ઓચીંતા આવીને પડીઆ દુખડાં રે વાલાજી

શોભાજીના સ્વામીજી આપો સુખડાં મારા વાલાજી
ફાગણ મહીને સુંદર આવ્યાં ફુલરે વાલાજી
એ દેખી અંતરમાં ઉપજે શુળ મારા વાલાજી
વસંત રૂતુમાં વીરહ ઉઠે છે ભારીરે વાલાજી
જવું હતું ત્યારે ઝેરદઈ કાં નવ મારી મારા વાલાજી
આ પેલા આહીરડાં ખેલે હોળીરે વાલાજી
સરખી સહીઅરની મળી છે ટોળી મારા વાલાજી
સુવા ચંદન ઉડે અબીલ ગુલાલરે વાલાજી
ભેર ભુંગળને વાજે મરદંગ તાલ મારા વાલાજી
જોરે મળી છે બેરઈઆની ટોળીરે વાલાજી
આ પેલી પાડોશણ રંગમાં રોળી મારા વાલાજી
હરી અમારે હઈએ હરખ ન માયરે મારા વાલાજી
ગોકુળની ગોપીઓ તમને ગાય મારા વાલાજી
આ વેળા તમે અંગ્રીક્ષથી ઉતરજોરે વાલાજી
શોભાજીના સ્વામીજી વહારે ચડજો મારા વાલાજી

ચઇતર માસે મોહોરી તમારી વાડીરે વાલાજી
કરમાણાતા તેણે કુંપળ કાઢી મારા વાલાજી
વંદ્રાવનમાં ભારે દાડમ ફાલ્યાંરે વાલાજી
ભીતરીઆમાં ભારે દુખડાં સાલ્યાં મારા વાલાજી
ભાત ભાતનાં ફુલડાં ફાલ્યાં અહોળારે વાલાજી
લીલાને પીળા રાતા ધોળા મારા વાલાજી
કાળી કોયલ બોલે મધુરા બોલરે વાલાજી
ભમરા ગંજાવરના ઉડે સોર મારા વાલાજી
ડમરો મરવો ગુલાબને ગુલતોરારે વાલાજી
છોગલડા મુકવાને આવ્યો મોરા મારા વાલાજી
અગર ચંદનની શોભા નથી અધુરીરે વાલાજી
તેને તળે તો બેસો સભા પુરી મારા વાલાજી
જળ જુમનાના છાંટીઆ છંટાવુંરે વાલાજી
શોભણના સ્વામીજી તમને ભાવું મારા વાલાજી
વઇશાક માસે વાટ તમારી ન્યાળુરે વાલાજી

આંખલડી ઉઘાડી ચોદેશ ભાળું મારા વાલાજી
અંખનામાં તો જાય છે આઠે પહોરરે વાલાજી
મંદીરીયામાં નથી વહેતું સોર મારા વાલાજી
જીવ અમારો આકુળ વ્યાકુળ થાયરે વાલાજી
ઘડી એકમાં તો જન્મારો વહી જાય મારા વાલાજી
દુઃખડામાંથી સુખનો લેતા લાભરે વાલાજી
ઓચીંતો અમ ઉપર ફાટયો આભ મારા વાલાજી
જળના જીવડા દળ બાહાર કેમ રહેશે મારા વાલાજી
તરણા ઉપર કેમ મેરૂ રહેશે મારા વાલાજી
કીડી ઉપર કટક ચડાવી લાવ્યારે વાલાજી
બાળપણમાં વીખના છોડ વાવ્યા મારા વાલાજી
શું નાંખો છો તાણીને તરછોડી મારા વાલાજી
જેઠ માસે જોઇ રહી છું ઠેઠરે વાલાજી
ઉનાળો ઉલ્યો પણ નવ થઇ ભેટ મારા વાલાજી
ઘડી ગણતા માસ થયા છે આઠરે વાલાજી

આગળ આવ્યા અસાડીના ઘાટ મારા વાલાજી
જીવણ તમને બહુ ઘણી લુ વાશેરે વાલાજી
ઉનાળાની આંચે દેહ કરમાશે મારા વાલાજી
પીયુડા તમારી કુમકુમવરણી મોળરે વાલાજી
મંદીરીએ આવીને ચંદન ચોળ મારા વાલાજી
વીંઝણીએ વાવલીયા ઢોળાવુંરે વાલાજી
શીતળ જળ ઝારીઓ આગળ લાવું મારા વાલાજી
તારે અરથે આંગણું સ્વચ્છ કરાવુંરે વાલાજી
શીતળ વા સંગાથે રાસ રમાડું મારા વાલાજી
જાદવ તમને ઝીણાં વસ્ત્ર પહેરાવુંરે વાલાજી
શોભણના સ્વામીજી લાડ લડાવું મારા વાલાજી
અશાડ માસે આવી મેઘ ધડુકેરે વાલાજી
વીજળીઓ ચમકેને જોર જણુકે મારા વાલાજી
ઔષધ ઉપર સરવે આવી ઉલુરે વાલાજી

શામળીયા વિણુ કોની જોડે બોલુ મારા વાલાજી
ઘેર વળ્યા જે ગયા હતા પરદેશરે વાલાજી
પીઉજી મારા કોનાં ઓઢાં લેશ મારા વાલાજી
આ ચોઘડીએ એવો ઉપન્યો નેહરે વાલાજી
માણુ તજુ કે પાડુ મારો દેહ મારા વાલાજી
કાં જાણું જે ભૈરવ જવ જઇ ખાવુંરે વાલાજી
કાશીએ જઇને કરવત મુકાવું મારા વાલાજી
કાં જાણું જે જોગ ધરીને જાવુંરે વાલાજી
તમારા વીજોગે ઓશીસ ખાવું મારા વાલાજી
જોયા વિનાનો જંપજ નથી વળતોરે વાલાજી
શોભણુના સ્વામીજી શે નહીં મળતા મારા વાલાજી
શ્રાવણ માસે શરવડીયાની ઝડીઓરે વાલાજી
એવી નથી ઉઘડતી ઘડીએ મારા વાલાજી
વા વાદળને વાય છે બહુ સોરરે વાલાજી
નાની મોટી નદીએ આવ્યાં પુર મારા વાલાજી

કંથ વીના કામનીએ કેમ ખમાસેરે વાલાજી
પરદેશી પીયુડાની પ્રીત જણાશે મારા વાલાજી
જે કાનુડે કંસનું કરયું નીધનરે વાલાજી
તે કાંનુડા કોનું ઠારે મન મારા વાલાજી
આ બાલાનો અધુરો ઘરવાસરે વાલાજી
માશી મારી તેનો શો વિશ્વાસ મારા વાલાજી
ઢોરાં ચાર્યાં તેનો તે શો તોલરે વાલાજી
વાટેને ઘાટે દો જુઠ. કોલ મારા વાલાજી
ભુદરજી તમે ભરવાડા વટ રાખીરે વાલાજી
શોભણુના સ્વામીજી જુઓ ઝાંખી મારા વાલાજી
ભાદરવે ભર નીંદ્રા લાગી મીઠીરે વાલાજી
સ્વપ્નામાં તો તારી મુર્તિ દીઠી મારા વાલજી
માથે મુગટ પીતાંબર છે પહેર્યાંરે વાલાજી
તીલક છાપને ટપકાં કેશર કેરાં મારા વાલાજી
પાતળીયાનો પટકો, શોભતે લટકીરે વાલાજી

તે વેળાએ દુઃખડાં ચાલ્યાં સટકી મારા વાલાજી
કાને કુંડળ કંઠે મોતી હારરે વાલાજી
જરકશીને જામે ઝળકે તાર મારાં વાલાજી
વાંસલડીને વરણાગી શી કહીએરે વાલાજી
ઘુઘરીઓ દેખીને ઘેલા થઇએ મારા વાલાજી
વધામણી તો આવે વારંવારરે વાલાજી
શોભણના સ્વામી મળીયા મોરાર મારા વાલાજી
આસો માસે આવી વાયસ બોલેરે વાલાજી
ચોકમાં આવીને ચાસડો લે મારા વાલાજી
વધામણી કોઇ લાવે આણી વારરે વાલાજી
કંઠેથી આપુ એકાવન હાર મારા વાલાજી
તરીયાં તોરણ બાંધુ મારે દ્વારરે વાલાજી
ઘરમાં ઘાલું કુમકુમવરણી માર મારા વાલાજી
સોનાને શ્રીફળે પુરૂ થાળરે વાલાજી
ભેર ભુંગળ વજડાવું મરદંગ તાલ મારા વાલાજી
ચાલો સજની વઇકુંઠનાથ વધાવારે વાલાજી

શોભણુના સ્વામીજી મંદીર આવ્યા મારા વાલાજી
બારે માશે આવી ઝાલ્યો હાથરે મારા વાલાજી
મોતીડે વધાવ્યા વૈકુંઠનાથ મારા વાલાજી
પુરૂષોતમજી પુરૂષોતમ માસ વડોરે વાલાજી
દયા કરી તે દિવાળીનો દહાડો મારા વાલાજી
હરી અમારે આનંદ ઓછવ થાયરે વાલાજી
માનુનીઓ મળીને મંગળ ગાય મારા વ.લાજી
શેરક તરવે આરતીઓ ઉતારેરે વાલાજી
અલબેલ જી ઉપર તનમન વારે મારા વાલ જી
ખાનપાનને પકવાન મીઠા મેવારે વાલ જી
જમુના જળઝારીઓ આચમન લેવા મારા વાલાજી
લવીંગ સોપારી એલચી આદરમાનરે વાલાજી
વાળી આપુ બીડેલ બાસઠ પાન મારા વાલ.જી
સંપુરણુ થઇ હરીની લીલા સોળેરે વાલાજી

ચતુરા ઉભી રહી ચમર ઢોળે મારા વાલાજી

સુખ સજ્યામાં પોહઢડું નંદલાલરે વાલાજી

વીઠલજી હસીને લડાવું લાડ મારા વાલાજી

જનમો જનમ આપો વાલરે વાલાજી

શોભાજીના સ્વામીએ પુરી આશ મારા વાલાજી.

ઇતિ શ્રી વાલાજીના મહિના સંપુર્ણ.



સ્ત્રીઓપયોગી ખાસ પુસ્તકો.

સતી મંડળ ભાગ ૧-૨	૮-૦-૦
સતી ચરિત્ર	૩-૦-૦
મીરાંબાઇ	૧-૪-૦
સેવેજ	૧-૦-૦
ચતુર સુંદર સ્ત્રી વીલાસ ગરબાવળી	૦-૧૦-૦
સ્ત્રીઓની રંગભૂમી	૨-૮-૦
અમર ચરિત્ર ભા ૧-૨-૩-૪	૧૪-૦-૦
કુચન ભા. ૧-૨-૩-૪	૭-૦-૦
ગૃહસ્થાશ્રમ	૨-૮-૦
સંતવ વીજય ભા. ૧-૨-૩-૪	૧૧-૧૨-૦
સરસ્વતી	૧-૮-૦
શાક પક પકવાન શાસ્ત્ર	૨-૦-૦
ભાગ્યનો પારસ	૨-૦-
ચપળા અથવા ચોર્યાસીનું ચક્ર	૨-૮-
ચરીત્ર ચંદ્રીકા	૩-૦-
પદ્મલતા	૨-૮
ભોજ પ્રબંધ	૨-૮-
દક્ષીણુનો વાઘ	૩-૦